# સંસ્કૃત સાહિત્યમાં આયુર્વેદ

**હેમંત પટેલ** - પી.એચ.ડી.સ્ટુડન્ટ, એમ.ટી.બી.આર્ટસ કોલેજ , સુરત, ગુજરાત, ભારત

**પ્રસ્તાવના:** સંસ્કારોનું સિંચન કરનારી સંસ્કૃત ભાષા વિશ્વની અતિ પ્રાચીન ભાષા છે. જગતનો સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદ સંસ્કૃત ભાષામાં છે.જર્મન મહાન સંસ્કૃત લેખક અને ફીલોસોફર મેક્સમુલર સંસ્કૃત ભાષાને ચાર પાંચ હજાર વર્ષ પ્રાચીન માને છે.સંસ્કૃત ભાષા ઉચ્ચ ગુણોથી યુક્ત સર્વોતમ અને સમયની કસોટીમાંથી પાર ઉતરી છે.સંસ્કૃત સાહિત્યને ઋષિમુનિઓ, આચાર્યો, કવિઓ, ઉપદેશકો અને અનેક મહર્ષિઓએ સમૃધ્ધ કર્યું છે.સંસ્કૃત ભાષાનું સ્વરૂપ અદભુત છે.સંસ્કૃત ભાષા અનેક ભાષાઓની જનની છે.સંસ્કૃત ધર્મ, વિજ્ઞાન,સંસ્કૃતિ અધ્યાત્મ ,દર્શન ,ખગોળ, જ્યોતિષ, ગણિત અને આયુર્વેદનો મૂળ આધારસ્ત્રોત છે.

**સંસ્કૃત અને આયુર્વેદ**: સંસ્કૃત અને આયુર્વેદનો સબંધ ઘનિષ્ઠ છે.ચાર વેદો આયુર્વેદના જ્ઞાનસ્ત્રોત છે.તેથી અથર્વવેદને "ભેષજ" અને "ભષિગ્વેદ" ના નામથી ઓળખવામાં આવે છે.

ऋच: समानभिेषजा,यजूषि। अथर्ववेद ११.६.१४

ગોપથબ્રાહ્મણમાં પણ અથર્વવેદ અને આયુર્વેદના મંત્રોનો પરસ્પર સબંધ દર્શાવ્યો છે,અને अथर्वा નો અર્થ भेषज કર્યો છે.

येडथवार्ण: तद भेषजम। गोपथब्राह्मण १.३.४

શતપથબ્રાહ્મણમાં પ્રાણને अथर्वा કહ્યો છે. આ રીતે પ્રાણવિદ્યા કે જીવનવિદ્યા आथर्वण વિદ્યા તરીકે ઓળખાય છે.

प्राणो वा अथर्वा। शतपथब्राह्मण ६.४.२.२

ગોપથબ્રાહ્મણમાંથી જ્ઞાન મળે છે,કે बहम શબ્દ પણ भेषज અને भषिग्वेद નો બોધક છે. જે अथर्वा છે,તે

भेषज છે,જે भेषज છે,તે અમૃત છે,જે અમૃત છે,તે ब्रह्म છે.આમ भेषज અને बहम સમાનાર્થક છે.

यद् भेषज तदमृतम,यद्मृतम तद बहम। गोपथब्राह्मण १.३.४

ગોપથબ્રાહ્મણમાંથી જ્ઞાન મળે છે, કે अगरिस નો સબંધ આયુર્વેદ અને શરીરવિજ્ઞાન સાથે છે.અંગોના રસોનું જેમાં વર્ણન કરવામાં આવે છે,તેને अंगरिस કેહવામાં આવે છે. અંગોમાંથી જે રસ નીકળે છે,તે अंगरस બને છે.તેને अगरिस કેહવામાં આવે છે.

एतम अडगरस सन्तं अङरिगरा इत्याचक्षते। गोपथब्राह्मण १.१.७.

ચરક અને સુશ્રુત સહિતામાં આયુર્વેદને અથર્વવેદનો ઉપવેદ માન્યો છે.સુશ્રુત સહિતાનું કથન છે, કે આયુર્વેદ અથર્વવેદનું ઉપાંગ છે,અને તેના આઠ અંગો છે.

आयुर्वेदम अष्टांगम उपांगम अथर्ववेदस्य। सुश्रुतसहति १.६

ચરકસહિતાનું કથન છે,કે અથર્વવેદમાં જે સ્વસ્તયયન,બલી,મંગલ,હોમ,નિયમ,પ્રાયશ્ચિત અને ઉપવાસના વિષયો છે,તે બધા આયુર્વેદનાં છે.અથર્વવેદમાં ચીકિત્સાનું પણ વર્ણન છે.વૈધએ ચારો વેદોમાંથી અથર્વવેદને જ પોતાનો પ્રિય વેદ માનવો જોઈએ.અહી બોધ મળે છે,કે અથર્વવેદ અને આયુર્વેદનો ઘનિષ્ઠ સબંધ છે.અથર્વવેદનું સાચું જ્ઞાન માટે આયુર્વેદનું જ્ઞાન હોવું જરૂરી છે.

**આયુર્વેદનું ઉદેશ્ય:** સુશ્રુતસહિતમાં આયુર્વેદનું લક્ષણ આપવામાં આવ્યું છે,જેમાં કેહવામાં આવ્યું છે,કે "જેમાં આયુનો હિતાહિતનો વિચાર હોય અને જેના દ્વારા દીર્ઘાયુ પ્રાપ્ત થાય છે.તેને આયુર્વેદ કેહવામાં આવે છે." આજ મુજબ ચરક સહિતામાં પણ આયુર્વેદનું લક્ષણ આપવામાં આવ્યું છે,જેમાં કેહવામાં આવ્યું છે કે" જે આયુનું જ્ઞાન કરાવે છે,તે આયુર્વેદ છે."આયુર્વેદ મુખ્યત્વે આયુનો જ ઉપદેશ આપે છે.સુખકારી અને અસુખકારી વસ્તુઓનું વર્ણન કરે છે.હિતકારી અને અહિતકારી વસ્તુઓનો ઉપદેશ કરે છે.પદાર્થોની માત્રા અને અનુચિત માત્રાનો ઉપદેશ કરે છે.તેમજ આયુવર્ધક અને આયુનાશક દ્રવ્યો અને ગુણધર્મોનું વર્ણન કરે છે.

ચરક અનુસાર આયુર્વેદનું ઉદેશ્ય છે,કે "સ્વસ્થ પુરુષોના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું અને રોગીના રોગોની શાંતિ " સુશ્રુસહિતામાં પણ આજ ભાવ આપવામાં આવ્યો છે,જેમાં કેહવામાં આવ્યું છે,કે "રોગીના રોગોની નિવૃત્તિ અને સ્વસ્થના સ્વસ્થ્યનું રક્ષણ કરવું"

**ઔંષધિયોનું ઉત્પત્તિસ્થાન;** અથર્વવેદમાં ઔષધિયોનું ઉત્પત્તિસ્થાન વિશે વિસ્તારથી વર્ણન

છે.અથર્વવેદ મુજબ ઔષધિઓં પહાડો પર થાય છે.

अधि पिर्वतात । अथर्ववेद २.३.१

તેમજ ઔષધિઓ નદી,તળાવ વગેરેમાં ઉત્પન થવાનો ઉલ્લેખ છે.

उदकात्मान औषधय । अथर्ववेद ८.७.९

અથર્વવેદમાં ઔઔષધિયો સમતલ ભૂમિ પર પણ થવાનો ઉલ્લેખ છે.

पर्वतेषु समेषु च । अथर्ववेद ८.७.१८

અથર્વવેદમાં આકાશને ઔષધિનો પિતા અને પુથ્વીને માતા કહી છે. પીપળો,દર્ભ,સામ,જળ અને ચોખાની ઔષધીઓને અમૃતની સમાન માનવામાં આવે છે.કેટલીક ઓષધિઓના મૂળ ઉપયોગમાં લેવામાં આવે છે,તો કેટલીક ઓષધિનો આગળનો ભાગ અને મધ્ય ભાગ ઉપયોગમાં લેવામાં આવે છે.કેટલીક ઓષધિનાં ફુલ ગુણકારી હોય છે.અમુક અમૃત સમાન ઓષધિઓ ગાય,ભેસ વગેરેનું દૂધ વધારવામાં ઉપયોગી બને છે.ઓષધિઓને હજાર ગણી અધિક શક્તિવાળી બનાવવામાં આવે છે.ઓષધિઓને વિશેષ વિધિથી રગડવાથી તેમની શક્તિ હજાર ગણી વધી જાય છે.

चक्रे सहस्त्रवीर्यंम ।अथर्ववेद ४.१७.१

હોમ્યોપેથીક અને બાયોકેમિક ઓષધીઓની શક્તિ આ જ રીતે વધારવામાં આવે છે.સોમ વગેરે ઓષધિઓ મૃત્યુના મુખમાં પડેલા વ્યક્તિને પણ બચવી લે છે.

मृत्योरोषधय़ः सोमराज्ञ:। अथर्ववेद ८.१.१७

ઓષધિઓ શરીરને નીરોગી અને સ્વસ્થ બનાવે છે.બજ અને પીંગ ઓષધિઓના વિષયમાં ઉલ્લેખ મળે છે,કે તેને કમરમાં બાંધવામાં આવતી હતી,જેનાથી પ્રસુતિનો રોગ,ગર્ભભક્ષક કુર્મી વગેરે નાશ પામતા હતાં.સાયણે "પીગ અને બજનો" અર્થ પીળી સરસો કર્યો છે.

गर्भ त उग्रों रक्षता । बजश्च पीडग़श्चा अथर्ववेद ८.६.२०

અથર્વવેદમાં અનાજમાં રેહનારી વિભિન્ન શક્તિઓનો ઉલ્લેખ છે. જે રીતે આજે વસ્તુઓમાં વિભિન્ન વિટામીનોનું વર્ણન છે,તે રીતે અથર્વવેદનું વિભાજન થયેલું પ્રતીત થાય છે.

**સમાપન**: આમ અહી બોધ મળે છે,કે સંસ્કૃત અને આયુર્વેદનો સબંધ ગાઢ છે.આયુર્વેદનું મૂળ ઉત્પતિસ્થાન અથર્વવેદ જ છે,એ વાતને નકારી શકાય નહિ.આયુર્વેદને જો સાચી રીતે જાણવું હોય તો પેહલા અથર્વવેદ ને અવશ્ય જાણવો પડે છે.સાંપ્રત સમયમાં પણ આયુર્વેદની ખુબ જ મોટા પ્રમાણમાં માંગ છે.જે સાંપ્રત સમયની સાર્થકતા બની રહે છે.

સંદર્ભગ્રંથો:

१. अथर्ववेदसंहिता – सम्पादति-सायणभाष्य सहतिवशि्वबंधु शास्त्री,होशयिारपुर I १९६०

२. ऋग्वेदसंहिता- श्रीपाद दामोदर सातवलेकर स्वाध्याय मंडल पारडी I १९३३-४६

३. अष्टांगहृदय- वाग्भट चोखाम्बा प्रकाशन वाराणसी I १९५९

४. चरकसंहिता-महर्षि अग्निवेश,चोख्म्बा प्रकाशन वाराणसी I १९८३

५. सुश्रुतसंहिता-सुश्रुत चोख्म्बा प्रकाशन वाराणसी I १९५४

६. वषि्णुपुराण-गीताप्रेस गोरखपुर I